# આઘાં જાઓ...આઘાં જાઓ

– તથાગત પટેલ

એક દિવસ માજી ફૂટપાથ ઉપર ચાલતાં ચાલતાં મંદિર તરફ જતાં હતાં, હાથમાં નાની લાકડી છે એથી એને ટેકે ટેકે આગળ વધી રહ્યાં છે. સામેથી લોકો આવતાં હોવાથી માજી એક ઝાડ પાસે પોતાની લાકડી નીચે ઠપકારી બાજુમાં ઊભાં રહ્યાં.

માજીએ જેવી લાકડી બાજુમાં નીચે ઠપકારી એવો જ અવાજ આવ્યો, આઘાં જાઓ...આઘાં જાઓ.' માજીએ આજુબાજુ જોયું કોઈ બોલતું દેખાયું નહિ. માજીએ ફરીવાર લાકડીને નીચે ઠપકારી અવાજ કર્યો અને સામેથી અવાજ આવ્યો, 'આઘાં જાઓ....આઘાં જાઓ.' માજીએ ફરી આજુબાજુ જોયું તો કોઈ દેખાયું નહિ. એમને થયું કે ભૂતબૂત છે કે શું ?

વિચારતાં વિચારતાં માજી આગળ વધવા લાગ્યાં, વળી સામેથી કોઈ આવતું જોઈ માજી બાજુમાં ખસી લાકડી નીચે ઠપકારી ઊભાં રહ્યાં. જેવી એમણે લાકડી નીચે ઠપકારવા અડાડી, એવો અવાજ આવ્યો, 'આઘાં જાઓ....આઘાં જાઓ.' માજીને થયું કે અહીં પણ એવો જ અવાજ આવ્યો ? કોણ હશે ? કેમ આમ 'આઘાં જાઓ....આઘાં જાઓ.' બોલે છે ? વળી ચોતરફ જોયું, ઝાડ ઉપર જોયું. કોઈ બોલતું ન દેખાયું અને આગળ વધ્યાં.

માજી વિચારતાં વિચારતાં મંદિર પહોંચી ગયાં અને મંદિરમાં જઈ ભગવાનને નમન કર્યું, આરતી લીધી અને થાંભલા પાસે થોડીવાર બેસી નિયમ પ્રમાણે એમણે મનમાં પાંચેક ભજન બોલી લીધાં અને ઊભાં થઈ ફરીવાર ભગવાનને નમન કરી પગથિયાં ઊતરી ઘર તરફ આવવા નીકળ્યાં.

ચાલતાં ચાલતાં રસ્તામાં એક વૃક્ષ નીચે ઊભાં રહ્યાં અને લાકડીને અડાડતાં ઠપ્ અવાજ આવ્યો અને તરત જ 'આઘાં જાઓ....આઘાં જાઓ' અવાજ આવ્યો. વળી, પાછું ચોતરફ જોયું, જરા ગભરામણ જેવું લાગ્યું, કોઈ નજર ન આવ્યું, તો માજી હિંમત એકઠી કરી બોલવા લાગ્યાં અલ્યા કોણ છે, જરા સામે આવો. એમ કહી માજીએ ફરી લાકડી પછાડી તો અવાજ આવ્યો, 'આઘાં જાઓ....આઘાં જાઓ.' માજી બોલ્યાં, કોણ છે આ ભાઈ ? કેમ 'આઘાં જાઓ....આઘાં જાઓ' બોલો છો, શું કામ આવું બોલો છો ? હું ક્યાં નડું છું ?



એવામાં લાકડી નીચે જ્યાં અડાડી હતી, ત્યાંથી ફરી અવાજ આવ્યો, માજી તમે જ્યાં લાકડી જમીન ઉપર અડાડો છો એટલે કે ઠપકારો છો ત્યાં નીચે અમારું કીડીઓનું ઘર હોય છે, તેથી તમારી લાકડીના ઠપકારવાથી અમારી બે–પાંચ કીડીઓ મરી જાય છે, તેથી અમે તમને'આઘાં જાઓ....આઘાં જાઓ' કહીએ છીએ એટલે કે જરા આગળ જઈ ઊભા રહો અને લાકડીને જ્યાં કીડીઓનું ઘર ન હોય ત્યાં અડાડો–મતલબ મૂકો. જેથી અમારાં કુટુંબીજનો મરી ન જાય.

માજી આવું સાંભળી તરત જ નીચે બેસી ગયાં અને કહ્યું કે મેં તો આવું પહેલવહેલું સાંભળ્યું, આપ સૌ કીડીઓ મને માફ કરી દો, મને ખબર જ નહોતી કે લાકડી જમીન પર ટેકવવાથી આવું થાય છે. હવે ખ્યાલ આવ્યો કે તમે સાચાં છો, હવેથી આવું નહિ થાય, જ્યાં લાકડી અડાડીશ ત્યાં જરા જોઈને મૂકીશ, મને ફરીથી માફ કરી દો. ભૂલથી પણ હવે આવું ન થાય એનું ધ્યાન રાખીશ.

માજી આંખમાં આંસુ સાથે રામ..રામ..રામ...કરતાં કરતાં ઘર તરફ ચાલવા લાગ્યાં.

■